ॐ

।। तस्य वाचकः प्रणवः ।।

# ઋતમ્ભરા

**આત્મનો હિતાય જગતઃ સુખાય**



**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

**વર્ષ - ૩૪ (એપ્રિલ-મે-જૂન)** **માનદ્ તંત્રી : મિનિષ પટેલ**

**VOL - XXXIV 2018-19** **ISSUE-IV**

**'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;**
**મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.**

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# પિતૃભક્તિ

મંગળભાઈ અમથાભાઈ પટેલ એટલે ડૉ. સ.સ. ભિક્ષુજીના મોટા ભાઈ. તેઓ પાંચ ભાઈઓ તેમાં તેમનો નંબર ત્રીજો. મંગળભાઈ એન્જિનિયર થયા. એમ.ઇ. સિવિલ થયા અને એલ.એલ.બી. પણ થયા પછી તેમની ઇચ્છા અમેરિકા જવાની હતી. પણ માતા-પિતાને છોડીને કેમ જવાય ? મનમાં નક્કી કર્યું કે બાપા હયાત છે, ત્યાં સુધી તો નથી જ જવું, બાપાનું જીવન ખૂબ સાચું અને સાદું એટલે બાપા દીર્ઘાયુ થયા. બાપાની હયાતીમાં જ મંગળભાઈ થોડા ઉંમરલાયક અને મોટા પરિવારવાળા થઈ ગયા. પોતે શરીરથી ભલે ઉંમરલાયક થયા પણ પોતાનો અમેરિકા જવાનો સંકલ્પ તો હજુ પમ પૂરેપૂરો યુવાન હતો. સૌની ઉંમરની મર્યાદા હોય છે. તેમ અમથાલાલ પણ સ્વધામ ગયા. બસ હવે મંગળભાઈએ અમેરિકા જવાનાં ચક્રો ગતિમાન કરી દીધાં. અને અમેરિકા ગયા જ. પોતે ખૂબ ભણેલા પણ તેમના ઘરેથી સાવ અભણ. તેઓ ભલે ભણેલાં નહિ પણ ગણેલાં ખૂબ, ખૂબ વ્યવહારકુશળ. પતિ-પત્ની બંને ત્યાં જઈને ખભેખભો મિલાવીને નોકરી કરવા લાગ્યાં અને અથાગ મહેનત કરીને ત્યાં ખૂબ સારી રીતે સેટ થઈ ગયાં. પોતાના એકના એક પુત્રને પણ તેમણે ત્યાં બોલાવી લીધો. દીકરો પણ ત્યાં ખૂબ સારી રીતે સેટ થઈ ગયો છે અને અન્યોને મદદગાર થઈ રહ્યો છે. દીકરા-દીકરીઓ સહિત શ્રી મંગળભાઈ અમેરિકાવાસી બની ગયાં અને હવે ગુરુજીને (યોગભિક્ષુજીને) પણ ત્યાં બોલાવવાનો અતિ આગ્રહ કરી રહ્યા છે. અમે અમેરિકા ગયા હતા, ત્યારે તેમના ત્યાં થોડા દિવસ રોકાયા હતા.

ધન્ય-ધન્ય છે શ્રી મંગળભાઈની માતૃ-પિતૃ અને ગુરુભક્તિને. કોઈ પણ પ્રકારનું અમેરિકાનું આકર્ષણ તેમને પિતૃભક્તિમાંથી ડગાવી ન શક્યું.

આ નાનકડો પ્રસંગ રજૂ કરવા પાછળનો અમારો આશય તો વાંચનાર જરૂર સમજી જ લેશે. પરમગુરુ પરમાત્માને પ્રાર્થના છે કે આમાંથી પ્રેરણા લઈને આપણને સૌને પણ એવા સવાયા મક્કમ બનાવે કે સદ્‌ગુણ-સદાચારમાંથી કદી એક તસુ પણ પાછા ન હટીએ.

- યોગભિક્ષુ

## ● ઓમ્‌પરિવારના ઉત્સવો ●

| | | |
|---|---|---|
| **હનુમાન જયંતી નિમિત્તે** | **અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ<br>સી/૧/૧, ભદ્રેશ્વર સોસાયટી, અંકુર ચાર રસ્તા,<br>નારણપુરા, અમદાવાદ-૧૩** | **૨૧-૪-૨૦૧૯<br>રવિવાર<br>સવારે ૮.૩૦થી ૧૧.૦૦** |

- **પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો-સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**
- **"ઓમ્‌પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.**

**નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી. - ઋતમ્ભરા સંપાદનસમિતિ**

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
# બહુજનહિતાય-બહુજનસુખાય

## આપ દરજી છો

'આજનું ભાથું' પો. ૯૭૭ - યોગભિક્ષુ

(માણસ કેવા-કેવા તબક્કાઓમાંથી પસાર થાય છે તેને થવું પડતું હોય છે ?!!)

ગુરુજી, અમુક ભાઈ તો કહેતા હતા કે આપ દરજી છો!

હા ખરી વાત. તેમણે અમને દરજીકામ કરતા જોયા હશે. જેમણે અમને લુહાર-સુથાર-કડિયા કે મોચી-સોની કામ કરતા જોયા હશે, તેઓ અમને એ સમજતા હશે. જેમણે અમને બંદૂક ચલાવવા કે ઘોડા દોડાવતાં જોયા હશે તેઓ અમને તે સમજતા હશે. જેઓ અમને યોગાસનો- પ્રાણાયામ-જપજાપ વિગેરે કરતાં જોયા હશે, જેમણે અને ફીટર તરીકે કે હાથ સાળ-મશીનસાળ ચલાવનાર તરીકે કે ઍક્ટર તરીકે કામ કરતા જોયા હશે તેઓ સૌ અમને તેવા સમજતા હશે, ભરતગૂંથણ કે સ્વૅટર-મોજાં બનાવતા અમને જોનારાને તેવા લાગ્યા હોઈશું. કોઈને હિંદીના માસ્તર તો કોઈને પાણી પર ચત્તા સૂઈ રહેનાર (પ્લાવિની પ્રાણાયામ) મહાન તરવૈયા પણ લાગ્યા હોઈએ. કોઈ કહે કે તેઓએ અમને રાંધતાં-તરતાં નેતી-ધોતી કરતા શીખવ્યું.

ચર્નિરોડ (મુંબઈ) પરના 'કૈવલ્યધામ' યોગાશ્રમના સાત-આઠ વર્ષોથી બંધ પડેલાં સાત-આઠ તાળાં ખોલી આપ્યા તો મેનેજર વાઘમારેજી કહે કે આપ તો તાળા ખોલવાનું મશીન છો.

અવધૂત શ્રી નિત્યાનંદજીએ પૂછ્યું કે બામણા... બામણા...? પરમહંસ શ્રી મુક્તાનંદજીએ કહ્યું કે તમને સિદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ ગઈ છે. હવે તમારે સાધના કરવાની જરૂર નથી. એમને એવા લાગ્યા.

'પ્રેરણાબિંદુ'એ મથાળા નીચે અમારા લેખો છાપાંમાં આવતા. અમારે ૨૪-૨૫ સાત્ત્વિક પુસ્તકો, દોઢસો પત્રિકાઓ અને તળપદી ક્રાંતિકારી ગરબાઓની રચનાનું પઠન કરનારાઓએ અમને મોટા કવિ-લેખક તરીકે બિરદાવી દીધા !

પરમગુરુપ્રેમી ગોવિંદભાઈ પ્રજાપતિ કહેતા કે ગુરુજી અમે જ્યારે આવીએ છીએ, ત્યારે આપ તો ગાંધીજીની જેમ કાંઈ ને કાંઈ કામ જ કરતા હો છો !

**જાકી રહી ભાવના જૈસી-પ્રભુ મૂર્તિ દેખી તીન તૈસી !**

કહો, હવે તમને ઉત્તર મળી ગયો ? સંતોષ થઈ ગયો ? ભલા ! બધું 'નેતિ... નેતિ...' છે ! અંત નથી.

જે આંધળાના હાથમાં હાથીનો પગ આવ્યો, તેણે હાથીને થાંભલા જેવો કહ્યો, જેના હાથમાં સૂંઢ આવી તેણે સાંબેલા જેવો, કાન આવ્યો, તેણે સૂપડા જેવો. પૂછડું આવ્યું તેણે વરાડા જેવો કહ્યો ! ફક્ત એક દેખતાએ જ કહ્યું કે 'હાથ તો હાથી જેવો છે.' કારણ કે તેણે હાથીને સાંગોપાંગ જોયો હતો. તેમ ગુરુ-સંતોને સારી રીતે જોઈ શક્યા-અનુભવી શક્યા હોય તેઓ જ કહી શકે કે -

**ગુરુ-સંતો તો 'ગુરુ-સંતો જેવા છે.'**

(આ 'દરજીપુરાણ' ખાસ અતિ ઘણા-ગુરુ જિજ્ઞાસુ માટે છે.)

**આ પોસ્ટ જીજ્ઞાષુઓને ફક્ત પ્રેરણા પ્રાપ્ત થાય તે માટે જ છે. માણસ ધારે તો કેટ-કેટલું કરી શકે છે.**

- યોગભિક્ષુના વંદન, અભિનંદન, આશિષ

# ઓમ્ પરિવાર ટ્રસ્ટની ઑફિસ રવિકુંજ ઍપાર્ટમેન્ટ, ઘાટલોડિયા મુકામે યોજાયેલ કાર્યક્રમમાં સદ્‌ગુરુદેવનાં આશીર્વચન

તા. ૧૨-૧૧-૨૦૧૭, રવિવાર સંકલન - શશિકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજને વિક્રમસંવત ૨૦૭૩ને આસો વદ દસમના રોજ નેવ્યાસી વર્ષ પૂરાં થયાં અને નેવુંમા વર્ષમાં શુભ પ્રવેશ કર્યો. તે નિમિત્તે પરમ્ કૃપાળુ ઓમ્ પરમાત્માની અહૈતુકી કૃપાથી તથા પ.પૂ. સદ્‌ગુરુદેવના અનંત આશીર્વાદથી સર્વેજીવ હિતાર્થે પૂજ્યશ્રીના નેવુંમા વર્ષ દરમિયાન સાત્ત્વિક-આધ્યાત્મિક-લોકકલ્યાણના વિવિધ કાર્યક્રમોનું આયોજન ઓમ્‌પરિવારના ઉપક્રમે કરવાનું નિર્ધારિલ છે. તે પૈકી તા. ૧૨-૧૧-૧૭ ને રવિવારે સવારે ૯ થી ૧૨ ઓમ્‌પરિવાર ટ્રસ્ટની ઑફિસ-ઘાટલોડિયા, અમદાવાદ મુકામે સ્વાધ્યાય-સત્સંગ તથા ગાયત્રી-મારુતિ પર્યાવરણ પરિશુદ્ધિ યજ્ઞ તથા પૂજ્યશ્રીનાં આશીર્વચન અને અંતે ભોજન-પ્રસાદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, તે પ્રસંગે પ.પૂ. સદ્‌ગુરુદેવે, જે આશીર્વચનની અલૌકિક હેલી વરસાવી, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે :

## : આશીર્વચન :

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ.

ઓમ્‌પરિવારના ઉપક્રમે યોજાતા દરેક કાર્યક્રમ માત્ર સ્વહિતાર્થે નહીં, પરંતુ સર્વજીવ હિતાર્થેના નિષ્ઠાપૂર્વકના શુભસંકલ્પ સાથે ઊજવવામાં આવે છે. તમે સૌ સારી રીતે જાણો જ છો કે જ્યારે સર્વજીવ હિતાર્થે લોકકલ્યાણનું જે પણ કાર્ય કરવામાં આવે, ત્યારે સર્વે જીવોમાં આપણો પણ સમાવેશ થઈ જ જતો હોય છે, તેથી આપણું પણ હિત અનાયાસે થતું જ હોય છે. પછી આપણા માટે અલગથી કાંઈ કરવું પડતું નથી. આવી ઊંચી સમજણ તમારાં સૌ માં છે તેથી જ તમે સૌ કોઈ ને કોઈ નિમિત્ત ઊભું કરી લોક-કલ્યાણના આવા કલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવા પ્રેમપૂર્વક પ્રેરાવ છો. આજનો કાર્યક્રમ આપણા સૌના માટે અતિ આનંદદાયક-કલ્યાણકારક છે. મનુષ્યજન્મને સાર્થક કરવા માટે પાવકપથ ઉપર આગળ વધવામાં સહાયરૂપ કાર્યક્રમ છે. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને મુખ્ય શું કરવાનું છે ? જન્મ-મરણના અતિ દારુણ દુઃખદાયક ચકરાવામાંથી સદાયને માટે મુક્ત થવા માટેનો સમજણ અને નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરવાનો છે. ફળસ્વરૂપ આત્યંતિક સુખ અથવા શાશ્વતસુખને પામવાનું છે. તમે સૌ આ વાત બરાબર જાણો છો, તેથી તે માટે સતત પુરુષાર્થ કરી રહ્યા છો. તે માટે સૌ ખૂબ જ ધન્યવાદને પાત્ર છો. સૌ કોઈની પુરુષાર્થ કરવાની ક્ષમતા-ગતિ એકસરખી નથી હોતી. કોઈની ગતિ મંદ હોય છે, કોઈની ગતિ મધ્યમ હોય છે. તો કોઈની ગતિ તીવ્ર હોય છે આમ, દરેક પોત પોતાની ક્ષમતા પ્રમાણે આગળ વધી શાશ્વતસુખને પામશે. એ વાત ચોક્કસ છે કે પુરુષાર્ષ સાચી દિશાનો હશે, તો વહેલા કે મોડા સાધક પોતાના ધ્યેયને અવશ્ય પ્રાપ્ત કરશે જ. તમે સૌ પણ સાધક જ છો. પોત પોતાની ક્ષમતા મુજબ એક દિવસ આત્યંતિક સુખને પામશો જ, જો સાધના પથમાં પાછી પાની નહીં કરો તો.

અહીં કાર્યક્રમમાં સાધિકા ક્રિશ્નાબહેન તેમનાં મોટાંબહેન સાથે ઉપસ્થિત છે. ક્રિશ્નાબહેનની ગુરુનિષ્ઠા-ભક્તિ અવર્ણનીય છે. તેમના હૃદયમાં ગુરુ-સંતજનો પ્રત્યે નિઃસ્વાર્થ

અપારપ્રેમ ભરેલો છે, પરંતુ તેનો ક્યારે પણ જાહેરમાં દેખાડો - પ્રદર્શન કરતાં નથી. તેઓ પોતાની અંદરના આ દિવ્યભાવને પોતાના હૃદયમાં જ સમાવી સદા નિજાનંદમાં મસ્ત રહેતાં હોય છે. આમ તેઓ ગુપ્ત ભિક્ષુણી જ છે. આ તેમનો પરિચય તમારા સૌની જાણ માટે આપ્યો. ઓમ્ પરિવારના ઉપક્રમે યોજાતા કાર્યક્રમોમાં મુખ્યત્વે ગુરુપૂર્ણિમા તથા ઓમ્ગુરુદેવજયંતીના કાર્યક્રમમાં ઓમ્ પરમાત્માની પ્રસાદી રૂપે વસ્ત્ર ઓઢાડવામાં આવે છે. તદ્ઉપરાંત અમારા નિવાસસ્થાને રૂબરૂ મુલાકાતે આવનાર પ્રેમીજનોને પણ ક્યારેક-ક્યારેક વસ્ત્રની પ્રસાદી ઓઢાડવામાં આવે છે, પરંતુ સાધીકા ક્રિશ્નાબહેન આવી શકતાં નથી. આજે તેઓ તથા તેમનાં મોટાંબહેન કાર્યક્રમમાં ઉપસ્થિત છે. તો ડૉ. સ.સ. ભિક્ષુજી અમારા તથા ઓમ્ પરમાત્માની પ્રસાદી રૂપે વસ્ત્ર ઓઢાડી તેમનું સ્વાગત કરશે. આ જે વસ્ત્રની પ્રસાદી ઓઢાડવામાં આવે છે, તે માટે વારંવાર સમજાવીએ છીએ કે આ કોઈ સામાન્ય વસ્ત્ર સમજવાનું નથી, પરંતુ તેને અભેદ દિવ્ય કવચ-બખતર સમજવાનું છે, જેને પણ તે ઓઢાડવામાં આવે છે, તેની તે રક્ષા કરે છે. રક્ષા કઈ રીતે કરે છે ? આ દિવ્ય કવચરૂપી વસ્ત્ર જેને પણ ઓઢાડવામાં આવે છે, તેના હૃદયમાં રહેલી સાત્વિક-કલ્યાણકારી સાચી સમજણરૂપી દિવ્ય સંપત્તિ બહાર નીકળી જાય નહીં અને બહારની આસુરી સંપત્તિરૂપી મિથ્યા-ભ્રામક-અકલ્યાણકારી સમજણ-વિચારોને અંદર પ્રવેશવા દે નહીં, પરંતુ બહાર જ રોકી રાખે, જેથી મનુષ્યજન્મ સાર્થક કરવા માટેનો જરૂરી પુરુષાર્થ અતિઉત્સાહપૂર્વક કરી શકાય. તેમાં કોઈ રુકાવટ ઊભી થાય નહીં. આવી ઉચ્ચ ભાવનાથી દિવ્ય કવચરૂપી વસ્ત્ર ઓઢાડવામાં આવે છે.

અમારા નેવુંમા વર્ષમાં શુભ પ્રવેશ નિમિત્તે આખા વર્ષ દરમિયાન ઓમ્પરિવારના ઉપક્રમે તમે સૌએ સર્વજીવ હિતાર્થે નિઃસ્વાર્થભાવે જે વિવિધ સાત્ત્વિક કાર્યક્રમોની ઉજવણી કરવાનું નિર્ધારિલ છે, તે નિમિત્તે જે કાર્યક્રમો નોંધાયા છે, તેમાં ૧૦ ડિસેમ્બરના રોજ ઉમરેઠ મુકામે કાર્યક્રમોનું આયોજન ગોપાલભાઈ તરફથી કરવામાં આવેલ છે. ઘણાં વર્ષોથી તેમનું આખું કુટુંબ અમેરિકામાં સ્થાયી થયેલ છે, પરંતુ આ કાર્યક્રમની ઉજવણી માટે ખાસ ભારત આવવાના છે. તેમનામાં કેટલી ઊંચી સમજણ હશે, ત્યારે તેઓ આવવાના હશે. આ વાત એટલા માટે કરી કે સૌને પ્રેરણા મળે. અસ્તુ.

હમણાં ફેસબુક ઉપર અમારા એક પ્રેમીએ તેમનો ફોટો મૂકેલો અને અમારી જન્મજયંતીની શુભેચ્છા રૂપે તેમણે બે પંક્તિઓ લખેલી જે નીચે મુજબ છે :

**"બાંધ લૂં હાથ પે, યા સીને મેં સજા લૂં;**
**જી મેં આતા હૈ, આપકો બાપજી તાવીજ બના લૂં."**

આ તેમણે જે લખેલ છે, તેનો શબ્દાર્થ છે હે બાપજી-ગુરુજી, મને મનમાં એવો ભાવ જાગે છે કે આપનું માદળિયું બનાવી મારા હાથે બાંધી દઉં કે ગળામાં પહેરી મારી છાતી-હૃદયને સુશોભિત કરી દઉં. અહીં તેઓએ ગુરુદેવનું માદળીયું બનાવી તેમના હાથે બાંધવાની કે ગળામાં પહેરી છાતી-હૃદયને સુશોભિત કરવાની જે વાત કરી છે, તો તેને શું સમજવાનું ? ગુરુદેવના ફોટાને એક ધાતુના માદળિયામાં જડી તેને હાથે બાંધવાનું કે ગળામાં પહેરવાનું એમ સમજવાનું નથી. તે તો લૌકિક સ્થૂળક્રિયા - સમજણ છે. તેમાં ગુરુજીની પ્રત્યેની શ્રદ્ધા જણાય છે પણ તે શ્રદ્ધા કેવી છે ? માત્ર ને માત્ર અંધશ્રદ્ધા તેમ કરવાથી કાંઈ જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી ભવસાગર પાર કરી શકાય નહીં. આપણે લૌકિકતાથી આગળ વધી અલૌકિક એવી સાચી સૂક્ષ્મ પરમકલ્યાણકારી સમજણને પ્રાપ્ત કરવાની છે. તેને નિષ્ઠાપૂર્વક જીવનમાં ઉતારી ભવસાગર પાર કરવાનો છે. તે માટે તે પંક્તિઓમાં રહેલા ગૂઢાર્થને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કરવાનો છે. તમે જેમને સદ્ગુરુદેવ માનો છો, તેઓ પોતાનું સમગ્ર જીવન ઓમ્ પરમાત્માને સમર્પિત કરી તેમની પ્રેરણા અનુસાર સર્વજીવ હિતાર્થે

સત્ય-ધર્મમય, સંયમ-નિયમવાળું જીવન જીવી રહ્યા છે વળી સૌને સતત સમજાવી રહ્યા છે કે પરમાત્માની કૃપાથી તથા સંચિત સત્કર્મો ફળસ્વરૂપ અતિઅમૂલ્ય માનવજન્મ પ્રાપ્ત થયો છે, તેને સાર્થક કરી લેવાનો છે, તે માટે સત્ય અને ધર્મની રાહે સંયમ-નિયમપૂર્વકનું વિવેકમય જીવન જીવવાનો સતત સભાનતાપૂર્વક પ્રયત્ન કરવાનો છે. જીવનમાં અસત્કર્મોનું વિમુખ થઈ સતત સર્વાંગી નિષ્કામ સત્કર્મોનું સર્વજીવ હિતાર્થે નિષ્ઠાપૂર્વક આચરણ કરવાનું અનિવાર્ય છે. તેવું જીવન જીવતા ખૂબ જ પૂન્યનું ભાથું ભેગું કરવાનું છે, જેથી જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષની પ્રાપ્તિ, થાય તે માટે પ્રેમપૂર્વક સતત પુરુષાર્થ કરતા રહેવાનું છે. જો આવુ જીવન જિવાય તો સાચા અર્થમાં ગુરુજીનું માદળિયું બાંધ્યું કહેવાય.

પછી અમે તેમને સુંદર જવાબ આપેલો કે,

**"કદમ-કદમ બઢાયે જા, યે જિંદગી હૈ સત્ય કી;**
**તું ધર્મ પે લૂંટાયે જા, તું ધર્મ પે લૂંટાયે જા."**

આ વાતને આ રીતે સમજવાની છે કે ચોર્યાસી લાખ યોનિમાં ફરતાં ફરતાં અંતે મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો મક્કમતા પૂર્વક સત્ય અને ધર્મના આચરણવાળું જીવન જીવવાનો સમજણપૂર્વક સત્ય અને ધર્મના આચરણવાળું જીવન જીવવાનો સમજણપૂર્વક પ્રયત્ન કરવાનો છે. તેમાં સહેજ પણ પાછીપાની કરવાની નથી. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ મક્કમતાથી આગળ વધવાનું છે. પરિણામે મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે મોક્ષરૂપી અંતિમ ધ્યેયને પામી શકાય. સાત્ત્વિક જીવનનું મુખ્ય પરિબળ જીવનમાં સત્ય અને ધર્મનું આચરણ છે. જો તેનું આચરણ યથાયોગ્ય રીતે જીવનમાં નિષ્ઠાપૂર્વક કરીશું, તો મોક્ષ અવશ્ય પ્રાપ્ત થશે જ. પછી જીવનમાં કદાચ બીજાં કોઈ પણ સત્કર્મ નહીં કરીએ તો ચાલશે. તેથી જ આપણે આપણા દરેક કાર્યક્રમમાં સત્ય-ધર્મ-ગુરુદેવની જય બોલાવતા હોઈએ છીએ. આપણે બોલીએ છીએ કે 'સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય, તો આપણી જય.' તો આમ સત્ય અને ધર્મ એ જ પરમાત્માનું પરમ ગુરુદેવનું સાચું સ્વરૂપ છે. સાચી ઓળખ છે. આમ, સત્ય અને ધર્મ એ જ મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે, તે મોક્ષપ્રાપ્તિનું મુખ્ય અને અનિવાર્ય સાધન છે. તેનું આચરણ જીવનમાં પ્રેમ અને નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ. તે જ પરમાત્માની સાચી ભક્તિ-ઉપાસના છે. તુલસીદાસે પણ કહ્યું છે કે...

**'તુલસી સીતારામ કો, રીઝ ભજો કે ખીજ;**
**ઊલટે-સૂલટે વાવીએ, જ્યોં ખેતોં મેં બીજ.'**

આપણે સત્ય-ધર્મના આચરણથી પરમાત્માની ભક્તિ ચાહે પ્રેમથી કરીએ કે દ્વેષથી, પણ જો આચરણ કરીશું, તો વહેલા કે મોડા એક દિવસ આપણું અચૂક કલ્યાણ થશે જ. જેવી રીતે આપણે ખેતરમાં બી વાવીએ છીએ તે ખેતરની જમીનમાં સીધા પડે છે કે ઉંધા પડે છે, તેનું કોઈ જ મહત્ત્વ હોતું નથી, પરંતુ બી વાવ્યા છે, તો ચાહે તે સીધાં કે ઊંધા હોય, પરંતુ તેને અનુરૂપ છોડ અવશ્ય ઊગશે જ. મુખ્ય વાત બી વાવવાની જરૂર છે. તેવી જ રીતે જીવનમાં જો સત્કર્મ કરીશું, ગુરુ-સંત-સમાજની સેવા કરીશું, તો તેનું ફળ નિઃશંક પ્રાપ્ત થશે જ. આપણે જેને પૂજ્ય-ઇષ્ટ માનતા હોઈએ તે આપણી ઉપર કૃપા કરી જે સદ્‌બોધ આપે, તે પ્રમાણે જીવન જીવવાથી આપણું કલ્યાણ થશે જ. આ બધું આપણે સમજણપૂર્વક-પ્રેમથી હૃદયમાં ઉતારીને જીવન જીવીશું, તો તેનું ફળ અમોઘ અને દીર્ઘકાલીન પ્રાપ્ત થશે. પરંતુ દેખાદેખી પ્રદર્શન કરવા, મોટાભા થવા માટે કે શરમે-ભરમે કરીશું, તો તે લાંબો સમય ટકશે નહીં. પરિણામે કે કલ્યાણમાર્ગમાં આગળ વધી શકીશું નહીં. અધવચ્ચે અટકી જઈશું. માટે જ આપણી સાચી સમજણ-નિષ્ઠા ઉપરછલ્લી નહીં, પરંતુ હૃદયપૂર્વકની હોવી જોઈએ, તો તે આપણને કોઈ જ છોડાવી શકશે નહીં. જીવનમાં કોઈ પણ જાતની પ્રતિકુળ પરિસ્થિતિ આવે તો તે પણ આપણને ડગાવી

શકશે નહીં. સાચી હૃદયપૂર્વકની આરાધનાથી આપણે કલ્યાણપથમાં દિન દો ગુના રાત ચો ગુના આગળ વધી શકીશું. તેવું જીવન જીવવા માટે સતત પ્રેરણા મળે તેવા બની ગયેલ પ્રસંગોની વાત પણ અવારનવાર થતી હોય છે, જે સાંભળી આપણો મનુષ્યજન્મ સાર્થક કરવા માટેનો ઉત્સાહ વધે.

ગુરુપ્રેમભિક્ષુજી કે જેઓ હાલમાં હયાત નથી, પરંતુ સં.૧૯૮૨-૮૩માં અમે પ્રથમ વાર અમેરિકા ગયા હતા, ત્યારે તેમણે અમને બોલાવેલ. તેમના ઘરે અમે દશ મહિના રોકાયેલ, તેઓ કહેતા કે ગુરુજી, મારે તો બારેમાસ ગુરુપૂર્ણિમા છે. તેઓ કહે કે ગુરુજી પાસે જઈએ કે તેમને યાદ કરીએ એટલે ગુરુપૂર્ણિમા. જેમ હનુમાનજી કહેતા હતા કે તેમને તો બારેમાસ રામજયંતી છે. કેમકે પ્રભુ શ્રીરામ સદાય તેમના હૃદયમાં બિરાજમાન છે. ગુરુપ્રેમભિક્ષુજીના એક મિત્ર હતા, જે ભારતમાં રહેતા હતા. પ્રેમભિક્ષુજી તેમનાં મિત્રને કહેતા કે પહેલાં તમે મારા મિત્ર હતા એ સાચું, પરંતુ હવે હું તમારો મિત્ર નથી. પરંતુ ગુરુજીનો શિષ્ય છું. તમે પણ ગુરુજીને માનો છો, તેથી હવે હું તમારો મિત્ર નહીં, પરંતુ ગુરુભાઈ છું. કેટલી બધી ઊંચી સમજણ તેમની હતી. તેઓ માનતા કે એક વખત ગુરુજી સાથે જોડાયા પછી ત્યાં માત્ર ગુરુભાઈ-બહેનનો જ સંબંધ હોવો જોઈએ. બીજા કોઈ પણ સાંસારીક-વહેવારિક સંબંધને સ્થાન હોય જ નહીં. જૂના સંબંધોને ભૂલી જવાના? માત્ર ને માત્ર ગુરુભાઈ-બહેનોના સંબંધને જ જીવનમાં જાળવવાના. જ્યાં આધ્યાત્મિકતા છે, ત્યાં પછી સાંસારિકતા-વહેવારિકતાને સ્થાન હોય જ નહીં. આવી તેમની ઊંચી સમજણ હતી. આવી વાતો તમને એટલા માટે સંભળાવીએ છીએ કે જેથી તેમાંથી સૌને પ્રેરણા મળે. મનુષ્ય જન્મ સાર્થક કરવા માટેની સમજણ વધુ પુષ્ટ થાય. આ બધું તમે સારી રીતે સમજી શકો છો, તેથી જ પરમાત્માની કૃપાથી ઓમ્‌પરિવારના ઉપક્રમે સર્વજીવ હિતાર્થે આવા સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમો અતિ પ્રેમ અને ઉત્સાહપૂર્વક કરી શકો છો.

બહુજનહિતાર્થેના નિઃસ્વાર્થ સત્‌કર્મોમાં સતત કાર્યરત એવા તમારા સૌ ગુરુભક્તો-પ્રેમીઓ-કલ્યાણકામીઓના આધ્યાત્મિક સમૂહરૂપી ઓમ્‌પરિવારની ઇમારત તેની નીચે રહેલી પાયાની ઈંટો ઉપર રચાયેલી છે. આ ઈંટો કોણ ? પ્રેમભિક્ષુ, સમર્પણભિક્ષુ અને ધ્યાનભિક્ષુ તથા બીજાં ગુપ્ત ભિક્ષુ-ભિક્ષુણીઓરૂપી પાયાની ઈંટો રહેલી છે. સાત માળની ઇમારત સૌને દેખાય, પરંતુ તેની પાયાની ઈંટ કે જેની ઉપર, જેના આધારે ઇમારત ઊભી હોય, તે દેખાય નહીં. સહુ કોઈ ઇમારતની વાહવાહ કરે પરંતુ તે જે પાયાની ઈંટો ઉપર અને આધારે ઊભી હોય તે દેખાય નહીં. વળી, પાયાની ઈંટ ક્યારે પણ એમ નથી કહેતી કે આ તમે જેની વાહવાહ કરો છો તે મારા આધારે ઊભી છે. જો એવું કહે તો તે પાયાની ઈંટ શેની ? આ જ તેની મહાનતા-નમ્રતા છે, પાયામાંની ઈંટોમાં સૌથી ઉપરની પહેલી ઈંટ તેની નીચે રહેલી બીજી ઈંટના આધારે રહેલી હોય છે. અને બીજી ઈંટ તેની નીચે રહેલી ત્રીજી ઈંટના આધારે રહેલી હોય છે. આમ પાયાની તમામ ઈંટ એકબીજાના આધારે રહેલી હોય છે. પરંતુ તેમાં છેક નીચેની ઈંટને કોઈ જ આધાર હોતો નથી. તે સ્વયંભૂ હોય છે. આવી જ રીતે દેશ-વિદેશમાં બહોળા પ્રમાણમાં ફેલાયેલ ઓમ્‌પરિવારરૂપી ઇમારતની જાહેર અને ગુપ્ત ભિક્ષુ-ભિક્ષુણીઓરૂપી પાયાની જે ઈંટો છે, તે સર્વે પણ પરસ્પરના આધારે રહેલ છે. તેમાં છેક નીચેથી ઉપરની ઈંટ કે જેને તમે સદ્‌ગુરુદેવ માનો છો તે છે. અને સૌથી છેલ્લી ઈંટ એટલે ઓમ્ પરમાત્મા કે જેમને કોઈ આધારની જરૂર નથી હોતી. તે સ્વયંભૂ છે. આ ઓમ્‌પરિવારરૂપી ઇમારતની પાયાની ઈંટો ક્યારે પણ પોતાને પ્રદર્શિત નથી કરતી. પરંતુ તે ઈંટોના આધારે - પ્રેરણાથી સર્વેજીવ હિતાર્થેનુ ભગીરથ કાર્ય, ઓમ્‌પરિવારરૂપી ઇમારત દ્વારા સતત થઈ રહ્યું છે.

આ વાતને વિશાળ અર્થમાં સમજવાનો પ્રયત્ન કરીએ. આ સમગ્ર દશ્યમાન સૃષ્ટિરૂપી ઇમારત કે જે પરમાત્માની

હાજરી માત્રથી રચાયેલી છે. તેનો આધાર-પાયો શું છે ? તે છે પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વ અને પરમ્ચૈતન્યસ્વરૂપ પરમાત્મા. પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વ સ્થૂળ અને પરિવર્તનશીલ છે, જેની હાજરી માત્રથી પ્રકૃતિના તત્ત્વો દ્વારા રચાયેલી સૃષ્ટિમાં સર્જન-વિસર્જનની ક્રિયા સતત ચાલ્યા કરે છે. આ બધાં તત્ત્વ સૃષ્ટિરૂપી ઇમારતના મુખ્ય અનિવાર્ય આધાર છે. તે સર્વેમાં પ્રકૃતિનાં સઘળાં તત્ત્વો એકબીજાંના આધારે રહેલાં છે. તે સર્વેનો આધાર કે જે સૌથી નીચે રહેલ છે, તે પરમ્ચૈતન્ય છે. તેને કોઈ જ આધારની જરૂર હોતી નથી. તે સ્વયંભૂ છે, જેના આધારે પ્રકૃતિનાં સઘળા તત્ત્વો અને સૃષ્ટિ રહેલા છે. આમ, સમગ્ર સૃષ્ટિ ઓમ્સંપત્તિ છે તેથી તેનું સારી રીતે જતન કરવું જોઈએ. અસ્તુ.

એકવાર અમે વર્ધા નિસર્ગોપચારના આશ્રમમાં રોકાયેલાં. ત્યાં વિનોબાભાવેના ભાઈ બાલકોબાભાવેને મળવાનું થયું હતું. સવારે અમે તેમની પાસે ગયા, તો તેમની આંખ બંધ હતી અને માત્ર જમણી બાજુની આંખ દ્વારા કામ કરતા હતા. અમને થયું કે ડાબી આંખે કોઈ તકલીફ હશે, તેથી આમ કરતા હશે. અમે ફરીથી સાંજે મળવા ગયા, તો તે સમયે તેમની જમણી આંખ બંધ હતી અને ડાબી આંખ દ્વારા કામ કરતા હતા. આ જોઈ અમને આશ્ચર્ય થયું. અમે તેમને આનું કારણ પૂછ્યું. તેઓએ જવાબ આપ્યો કે જો એક આંખથી કામ ચાલતું હોય, તો બે આંખનો ઉપયોગ શા માટે કરવો જોઈએ, આ શરીર એ રાષ્ટ્રની સંપત્તિ છે, તેથી તેનો યથા યોગ્ય સદ્ઉપયોગ કરવો જોઈએ. તેને ખોટી રીતે વેડફવી જોઈએ નહીં. તેનો ખૂબ જ સંભાળપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. તેઓ દરેક વસ્તુનો ઉપયોગ ખૂબ જ વિવેકપૂર્ણ કરતા. આશ્રમ ઉપર બહારગામથી જે પત્રો આવે, તેની પાછળનો ભાગ જો કોરો હોય, તો તેઓ કોરા ભાગનો ઉપયોગ જવાબ આપવામાં કરતા. રાષ્ટ્રની સંપત્તિનો ગમેતેમ મનમાન્યો ઉપયોગ થાય નહીં, આ તેમની ઉમદા સમજણ હતી. આ તેમની કંજૂસાઈ નહીં પરંતુ કરકસર યુક્ત શૈલી હતી. જો આવી ઉમદા સમજણ રાષ્ટ્રના સૌકોઈ રાખી દરેક વસ્તુનો યથાયોગ્ય ઉપયોગ કરે, તો રાષ્ટ્રની ઉન્નતિ અચૂક થાય જ. આપણે પણ જીવનમાં કરકસરનો મહિમા જણાવતાં કહીએ છીએ કે -

**'કરકસર છે કામધેનુ, દે છે અમૃત દિન રૈનું;**
**કમ ખાઓ જોજો ગમ ખાઓ, તો દુ:ખથી મુક્તિ પાઓ.'**

આપણે સર્વે રાષ્ટ્રની સંપત્તિ છીએ, તેથી આપણે એવું જીવવું જોઈએ કે જેથી રાષ્ટ્ર અને રાષ્ટ્રીયજનોનો વિકાસ-ઉન્નતિ થાય. આ વધુ સારી રીતે ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણું શરીર - આરોગ્ય સ્વસ્થ - તંદુરસ્ત હોય. તેથી આપણે આહાર-વિહારમાં બરોબર સાવધાન-નિયમિત રહેવું જોઈએ. સ્વચ્છંદી જીવન જીવવું જોઈએ નહીં. જો સ્વચ્છંદી જીવન જીવીશું, તો આરોગ્ય સારું રહેશે નહીં. પરિણામે રાષ્ટ્રના વિકાસમાં યોગ્ય યોગદાન આપી શકીશું નહીં. સાથે-સાથે આપણું જીવન પણ કલુષિત થશે. આમ રાષ્ટ્રની સંપત્તિ એવું આપણું જીવન વેડફાઈ જશે.

આવી કલ્યાણકારી - મનુષ્યજન્મની સાર્થકતાની સાચી સમજણની વાતો પરમ્કૃપાળુ ઓમ્ પરમાત્માની કૃપાથી આવા સર્વેજીવ હિતાર્થેના કાર્યક્રમોમાં તમારા સૌ સમક્ષ કહેવાની સતત પ્રેરણા થાય છે, તેથી આ બધી વાતો વારંવાર કરીએ છીએ. કેમકે આવા આધ્યાત્મિક-સાત્ત્વિક ઉન્નતિદાયક કાર્યક્રમો જ્યારે યોજાય, ત્યારે આપણે બે-ત્રણ કલાક સાત્ત્વિક વાતાવરણમાં રહીએ છીએ, બાકીનો બધો જ સમય વહેવાર-પ્રપંચમાં જ રચ્યા-પચ્યા રહેતા હોઈએ છીએ. તેથી મનુષ્યજન્મની સાર્થકતા અંગેની આવી જીવનપાથેય વાતોનું વિસ્મરણ ન થાય અને તે તાજી થાય તે માટે અવારનવાર વાતો કરતા હોઈએ છીએ. ગુરુ-સંતોના જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય જ એ હોય છે કે પોતાનાં ભક્તોનું-પ્રેમીજનોનું તેથી પણ આગળ સર્વે જીવજગતનું વધુમાં વધુ કલ્યાણ થાય. તે માટે જ તેઓ સતત અનેક યુક્તિ

પ્રયુક્તિના માધ્યમ દ્વારા સતત પુરુષાર્થ જીવનભર કરતા હોય છે. અસ્તુ.

શ્રી કિરીટભાઈ શાહ અમારા ખૂબ જ પ્રેમી હતા. તેઓ વરસમાં બે-ત્રણ વાર આવા આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન અમારી ઉપસ્થિતિમાં કરતા. તેઓ અમને કહેતા કે બાપજી, આપ જ એવા અમારા પરમ્‌હિતેચ્છુ છો કે જે અમારાં ધનને સત્‌કર્મોમાં વપરાવી સદ્‌ઉપયોગ કરાવો છો. બાકી અમે હરવા-ફરવા, મોજ-મજામાં ગમે તેટલા પૈસા વાપરીએ તે વેડફાયા જ કહેવાય. તે લેખે લાગે નહીં. બાપજી, અમે તો વાણિયા એટલે હિસાબમાં બરોબર પાકા. જો બેંકમાં રૂપિયા જમા કરાવીએ નહીં અને જે જમા પડ્યા હોય તે ઉપાડીને વાપર્યા જ કરીએ તો એક દિવસ એવો આવે કે બેંકમાં બૅલેન્સ શૂન્ય થઈ જાય. તેથી અમુક સમયે જમા કરાવવા પડે કે જેથી બૅલેન્સ શૂન્ય થઈ જાય નહીં. તેવી રીતે અત્યારે જીવનમાં સુખ-શાંતિ છે, તે આગળનાં સત્‌કર્મોના પૂન્ય પ્રતાપે છે. પરંતુ જો જીવનમાં સત્‌કર્મો કરીએ નહીં અને મોજ-મજામાં જ જીવન જીવીએ તો નવું પૂન્ય ભેગું થાય નહીં અને જે ભેગું થયેલું હતું તે શૂન્ય થઈ જાય. જીવનમાંથી સુખ-શાંતિ છીનવાઈ જાય, તેવું થાય નહીં તે માટે સમયાંતરે સત્‌કર્મો કરતાં રહેવાં જોઈએ જેથી પૂન્યનું ભાથુ શૂન્ય થાય નહીં. પરિણામે જીવનમાં સુખ-શાંતિ જળવાઈ રહે. તો બાપજી, આપ જ અમારા ખરા હિતેચ્છુ છો કે અમારી પાસે નિઃસ્વાર્થ ભાવે સત્‌કર્મ કરાવી ભગવાનના ચોપડે પૂન્યનું ભાથું જમા કરાવો છો." અમે તેમને આધ્યાત્મિક મિત્ર કહેતા. તમને સૌને પણ આધ્યાત્મિક મિત્ર જ માનીએ છીએ. પરંતુ તમારા સૌની મોટપ છે કે જેથી તમે અમને ગુરુજી માનો છો. વાસ્તવમાં આપણે સૌ કલ્યાણમાર્ગના સહપથિક છીએ. આપણે સૌએ એકબીજાની હૂંફે-સથવારે ભવસાગર પાર કરવાનો છે. મુખ્ય વાત એ છે કે પરમાત્માની કૃપાથી અને આપણાં સંચિત સત્‌કર્મોના પૂન્ય પ્રતાપે મહા મોંઘેરો મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો તેને સાર્થક કરી લેવાનો છે. તે કઈ રીતે થાય ? જીવનમાં સતત વધુ ને વધુ નિષ્કામ સત્‌કર્મોનું આચરણ કરી એટલું ભાથું ભેગું કરીએ કે જેથી જન્મ-મરણના દારુણ દુઃખદાયક ચકરાવામાંથી છૂટી જઈએ. આવી પ્રાપ્તિને મોક્ષ કહેવાય છે. મોક્ષ પ્રાપ્તિ થાય તો પછી જન્મ ધારણ કરવો પડે નહીં. અને જન્મ ધારણ કરવો પડે નહીં તો શરીર હોય જ નહીં એ સ્વાભાવિક છે. શરીર તો ત્યારે જ હોય કે જ્યારે જન્મ ધારણ કરીએ, ચાહે પછી તે કોઈ પણ યોની હોય. મહાપુરુષો - વિવેકીજનોએ સતત કહ્યું છે કે શરીર જ ન જોઈએ, શરીર છે, તો આધી-વ્યાધિ ઉપાધી તેની સાથે જોડાયેલાં છે. તે ત્યારે જ શક્ય છે કે મોક્ષ પ્રાપ્ત થાય, તેથી મહાપુરુષો દ્વારા 'શરીર જ ન જોઈએ' એ જે કહેવામાં આવ્યું છે, તેને આ અર્થમાં સમજવાનું છે. જીવનમાં નિષ્કામ સત્‌કર્મોનું એટલું આચરણ કરી પૂન્યનું ભાથુ ભેગું કરીએ કે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. તો જ મનુષ્યજન્મ સાર્થક થયો કહેવાય. આ વાત સતત એટલા માટે કરીએ છીએ કે જેથી તેનું વિસ્મરણ ન થાય અને સતત તાજું રહે. તે માટે જ આવા સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન જરૂરી છે.

તો પરમ્‌કૃપાળુ ઓમ્ પરમાત્માને પ્રાર્થના કરીએ કે આવા કાર્યક્રમોનું સદાય આયોજન નિષ્કામભાવે કરવાની શક્તિ-મતિ આપો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર.

સર્વેને જયનારાયણ - જય ઓમ્‌ગુરુદેવ.

સર્વેને ખૂબ-ખૂબ ફરી ફરી આશિષ

ઓમ્... ઓમ્... ઓમ્...

# પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીમહારાજની જન્મતારીખ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં પ.પૂ. સદ્‌ગુરુદેવનાં આશીર્વચન

તા. ૨૬-૧૧-૨૦૧૭, રવિવાર

સંકલન - શશિકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જન્મતારીખ સત્તાવીસ નવેમ્બર છે. ઓમ્‌પરમાત્માની અસીમકૃપાથી તથા પૂજ્યશ્રીના આશીર્વાદથી પૂજ્યશ્રીના ભક્તો કે જે ઓમ્‌પરિવાર તરીકે સંબોધાય છે તેમણે ભેગા મળી સર્વ જીવ હિતાર્થેના આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરી આજના આ પાવનકારી દિવસને કલ્યાણકારી અવસરમાં ફેરવી દીધો. સૌ જાણીએ જ છીએ કે પૂજ્યશ્રીએ પોતાનું સમગ્ર જીવન ઓમ્‌પરમાત્માને સમર્પિત કરી દીધું છે. અને પરમ્‌ ગુરુદેવ ઓમ્‌પરમાત્માની પ્રેરણા અનુસાર જ સર્વ જીવ જગતના કલ્યાણનો મહાભગીરથ પુરુષાર્થ હાલ નેવુમા વર્ષની ઉંમરે પણ અથાકપણે નિરંતર કરી રહ્યા છે. પૂજ્યશ્રીના આ મનુષ્યજન્મને સાર્થક કરવાની સાચી સમજણની કૃપાહેલી વરસાવવા રૂપી મહાયજ્ઞમાં પૂજ્યશ્રીના ભક્તો પોતાની શક્તિ-મતિ મુજબ થોડે ઘણે અંશે જોડાઈને સંતોષ અને આનંદની લાગણી અનુભવતા રહ્યા છે. તે માટે કોઈ ને કોઈ નિમિત્તે ઉભું કરીને સર્વજીવ હિતાર્થના સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરતા રહે છે. તે જ રીતે આજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તે પ્રસંગે પૂજ્યશ્રીએ મનુષ્યજન્મ સાર્થક કરવામાં અતિ અનિવાર્ય અને સહાયક સાચી સમજણની જે જ્ઞાન ગંગાની હેલી વરસાવી, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છેઃ

## : આશીર્વચન :

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્‌ નમઃ પાર્વતિપતયે હરહર મહાદેવ હર.

સર્વેનું સ્વાગત-વંદન-અભિનંદન-આશિષ.

આજે અમારી જન્મતારીખનું નિમિત્ત ઊભું કરી તમે સૌ લૌકકલ્યાણની નિષ્કામ ભાવનાથી પ્રેરાઈને સર્વજીવ હિતાર્થે સાત્ત્વિક-કલ્યાણકારી કાર્યક્રમની ઉજવણીનો અમૂલ્ય લાભ લઈ રહ્યા છો, તે માટે તમે સૌ ખૂબ જ ધન્યવાદને પાત્ર છો. આવા લોકકલ્યાણના કાર્યક્રમોનું આયોજન કરવામાં, તેમાં ઉપસ્થિત રહી નિષ્ઠાપૂર્વક કાર્યક્રમનો લાભ લેવામાં પોતાનું પણ કલ્યાણ અનાયાસે જ થતું હોય છે. પછી પોતાનું કલ્યાણ કરવા માટે અલગથી કોઈ પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી. અમારી જન્મતિથિ તો તમે સૌ 'ઓમ્‌ગુરુદેવ જયંતી' તરીકે ધામધૂમથી પ્રેમપૂર્વક ઉજવતા આવ્યા જ છો. પરંતુ તમારા સૌનો અમારા પ્રત્યે એટલો બધો નિઃસ્વાર્થ પ્રેમ છે કે જેથી અમારી જન્મ તારીખ પણ એવી જ ધામધૂમથી ઉજવવાની ઈચ્છા રાખો છો. તો આજે તમે અમારી જન્મતારીખની ઉજવણી ખૂબ જ ઉત્સાહ-પ્રેમ-ઉમંગપૂર્વક ઊજવીને સાત્ત્વિક આનંદ માણી રહ્યા છો. જો ગુરુ-સંતો પ્રત્યે હૃદયમાં સાચો પ્રેમ-નિષ્ઠા હોય, તેમની જીવનમાં અનિવાર્યતાની સાચી સમજણ હોય, તો જ આવી સ્ફુરણા પરમાત્મા કરે અને આપણે તેને યથાર્થ રૂપે ઝીલી શકીએ. તમે સૌ તેમ કરી જ રહ્યા છો. તે ખૂબ જ આનંદદાયક છે. તમે આ બધું જ્ઞાનપૂર્વક - સમજણપૂર્વક કરી રહ્યા છો. દેખાદેખી કે શરમે-ભરમે કરતા નથી, તેથી તમે સૌ કલ્યાણપથના સાચા અને અડગ પથિકો છો. આજના કાર્યક્રમમાં તો વળી સોનામાં સુગંધ ભળી છે. આજે તો જ્ઞાનેશ્વર મહારાજનો જન્મદિવસ છે. જ્યારે આપણે નિષ્કામભાવે સત્કાર્ય કરીએ, ત્યારે આપણને તો ખબર

પણ ન હોય, પરંતુ પરમાત્માના આશીર્વાદ રૂપે આવો યોગાનુયોગ અનાયાસે જ ગોઠવાઈ જાય છે. ઓમ્‌પરિવારનો મુખ્ય ઉદ્દેશ જ એ છે કે મનુષ્યજન્મ સાર્થક કરવા માટેની સાચી સમજણ જનસમુદાયમાં, અનેક માધ્યમ દ્વારા વધુ ને વધુ પહોંચાડવી. એક માધ્યમ એ છે કે 'આજનું ભાથું' શીર્ષક હેઠળ આપણે દરરોજ જીવનપાથેય એવી કલ્યાણકારી સાચી સમજણની વાતો ઘણાં સમયથી ફેસબુક ઉપર નિયમિત મૂકીએ છીએ. તેને નિયમિત વાંચનાર અને ખૂબ જ પ્રશંસા કરનાર ખૂબ જ બહોળો વર્ગ થઈ ગયો છે. તો આજે બે સાસુનું દૃષ્ટાંત મૂક્યું છે. પારિવારિક જીવનમાં તે ખૂબ જ ઉપયોગી છે.

એક સાસુને તેની સાસુએ ખૂબ જ દુઃખ આપ્યું હતું, તેથી તે એવું વિચારતી હતી કે મારી સાસુએ મને ખૂબ જ દુઃખ આપી કનડી હતી, તેથી હું પણ મારી વહુને સુખ-શાંતિપૂર્વક રહેવા ના જ દઉં. હું પણ તેને ખૂબ દુઃખ આપીને કનડું. આથી તે પોતાની વહુને ખૂબ જ દુઃખ આપી કનડતી હતી અને મનમાં રાજી થતી હતી. બીજી એક સાસુને પણ એની સાસુએ જીવનમાં ખૂબ જ દુઃખ આપી ખોટી રીતે કનડી હતી, તેથી તે સમજી શકતી હતી કે આવું દુઃખમય જીવન કેવું દોહ્યલું હોય છે, આ કારણે તેણે નક્કી કર્યું હતું કે ભલે મને મારી સાસુએ દુઃખ આપ્યું, પરંતુ હું મારી વહુને દુઃખ આપીશ નહીં, તેથી તે પોતાની વહુને ખૂબ જ પ્રેમ અને લાડકોડ થી રાખતી હતી. તે સતત ગંભીરતાપૂર્વક ધ્યાન રાખતી હતી કે મારી વહુ દુઃખી ન થાય અને હું તેને વધુમાં વધુ સુખ આપું.

આમ, બંને સાસુઓને જીવનમાં એકસરખી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ પહેલી સાસુનાં વિચાર-વાણી-વર્તન એટલી હદે નકારાત્મક-ક્લેશયુક્ત, કર્કશ હતાં જેના કારણે તેણે પોતાની સાસુએ આપેલાં દુઃખો ઉપરથી સવળાના બદલે અવળો બોધ લીધો. તેથી તે પોતાની વહુને ખૂબ જ દુઃખ થઈ કનડતી રહી. જેને કારણે પરિવારજનોના જીવનમાં સહેજપણ સુખ-શાંતિ જોવાં મળ્યાં નહીં. ઘરનું વાતાવરણ સતત ક્લેશમય અને અશાંતિમય થઈ ગયું. ઘરમાં સૌ દુઃખી-દુઃખી થઈ ગયા. જ્યારે બીજી સાસુનાં વિચાર-વાણી-વર્તન એટલી હદે પ્રેમમય સકારાત્મક હતા કે જેથી તેને પોતાને જીવનમાં જે દુઃખ સહન કરવું પડેલું તે પોતાની વહુને સહન કરવું પડે નહીં તે માટે સતત જાગૃત રહેતી. પરિણામે સૌ પરિવારજનો સુખ-શાંતિ-સંપથી રહી કિલ્લોલ કરતાં. આ જ પરિસ્થિતિ હાલના સમાજના પરિવારોમાં ઠેર ઠેર જોવા મળે છે.

આ દૃષ્ટાંત ઉપરથી સમજાય છે કે 'માણસે-માણસે ફેર, કોઈ લાખેય ન મળે અને કોઈ ટકાના તેર.' દરેક મનુષ્યનાં વિચાર-સમજણ એક સરખા હોતા નથી. તેથી તો કહ્યું છે કે **'તુંડેતુંડે મતિઃ ભિન્ના.'** દરેક મનુષ્યમાં વિચાર-સમજણને અનુરૂપ તેની વાણી અને વર્તન હોય છે. તે મુજબ જ તેના તથા તેની સાથે સંકળાયેલા સૌના જીવનમાં શાંતિ-અશાંતિ, સુખ-દુઃખ, હર્ષ-શોક જોવા મળે છે. આ વાતને આપણે સૌ કોઈ સહેલાઈથી સમજી શકીએ તેવી સરળ રીતે રજૂ કરી છે કે –

**''ચિંતન કરેગા જો જૈસા, આચરણ કરેગા વહ વૈસા;**
**આચરણ કરેગા જો જૈસા, સુખ-દુઃખ ભોગેગા વહ વૈસા.''**

તો આવી સાવ સામાન્ય-ઝીણી બાબતોમાંથી પણ જો તેની ઉપર ચિંતન-મનન કરીએ તો કેટલું બધું સમજવાનું મળે છે!

વળી, એક અઠવાડિયા પહેલાં 'આજનું ભાથુ' શીર્ષક હેઠળ આઇનસ્ટાઇનના સાપેક્ષવાદને ખૂબ જ તાત્ત્વિક રીતે સમજાવવાનો પ્રયત્ન કરેલો. સાપેક્ષ એટલે સ+અપેક્ષ અર્થાત્ એકની અપેક્ષાએ - તુલનાએ બીજું. આ ખૂબ જ ગહન અને સમજવા જેવી વાત છે. જો તેને યથાયોગ્ય બરાબર સમજી જીવન વહેવારમાં ઉતારીયે તો જીવન જીવવાની મજા આવે. માથેથી બધી જ ચિંતાબોજ ઊતરી જાય. જીવનની બધી જ સમસ્યાનો ઉકેલ હાથવેંત થઈ જાય. સાપેક્ષવાદને વધુ સારી રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. આપણે સંતજનો-ગુરુજનો-ઋષિમુનિઓના ફોટા જોઈએ

છીએ. તેમના મસ્તકની ફરતે તેજનું ઝળહળતું વર્તુળ રચાયેલું હોય છે. તે વર્તુળ શું સૂચવે છે ? તેમનામાં રહેલા દિવ્યજ્ઞાનનું સૂચક છે. તેઓ જ્ઞાનમુદ્રામાં બેઠા હોય છે. તો આપણે પહેલાં જ્ઞાનમુદ્રા એટલે શું, એને સમજીએ. **જ્ઞાનમુદ્રામાં યોગીજનો તેમના હાથના અંગુઠાને તથા તે પછીની આંગળી કે જેને તર્જની કહેવામાં આવે છે તેના ટેરવાની એકબીજાં સાથે અડકાડીને રાખે છે. અને તર્જની પછીની પહેલી - બીજી અને ત્રીજી ટચલી આંગળીએ સીધી રાખી હથેળી દેખાય તે રીતે બિરાજેલા હોય છે.** જ્ઞાનમુદ્રાને સમજવા માટે એક દૃષ્ટાંત જોઈએ.

એક આશ્રમમાં બે શિષ્યો વચ્ચે જ્ઞાનમુદ્રામાં જે ત્રણ આંગળીઓ સીધી હોય છે, તેમાં નાની-મોટી આંગળી અંગે રકઝક થઈ. એક શિષ્ય કહે, અનામિકા પછીની પહેલી આંગળી મોટી-બીજી નાની. બીજો શિષ્ય કહે ના તે નાની નહીં, તે મોટી. આમ, બંને વચ્ચે રકઝક ચાલતી હતી, ત્યાં ગુરુજી આવ્યા. તેઓએ તે બંનેની રકઝક સાંભળી એટલે કહે કે તમે નાહકના રકઝક કરો છો, કેમકે તમે બંને પોતપોતાની રીતે સાચા છો. ત્રણ આંગળીઓમાંની પહેલી- આંગળી તેના પછીની બીજી આંગળી કરતાં મોટી છે અને બીજી આંગળી નાની છે. પરંતુ જેને નાની કહી, તે પણ ટચલી આંગળી કરતા તો મોટી જ છે. આમ, આંગળીઓ નાની મોટી સમજાય છે, દેખાય છે તે એકબીજાની અપેક્ષાએ નાની મોટી છે, તો આ જ્ઞાનમુદ્રા આપણને મનુષ્યજન્મની સાર્થકતા જેમાં રહેલી છે તે આત્યંતિક સુખ રૂપી મોક્ષને આ જન્મે જ પ્રાપ્ત કરવા માટેના નિત્યાનિત્યનું વિવેકજ્ઞાન આપે છે, સમજાવે છે. જેવી રીતે આંગળીઓ એકબીજાની અપેક્ષાએ નાની મોટી છે, તેવી જ રીતે જગત આખાને સમજવાનું છે. જેમકે સુખ-દુઃખ, પાપ-પૂન્ય, સત્ય-અસત્ય, નાનું-મોટું, રાત્રિ-દિવસ વગેરે વગેરે. આ બધું એકબીજાની અપેક્ષાએ જ છે. બાકી કાંઈ જ નથી. જો સૂર્ય અસ્ત થતો જ ન હોત અને ચોવીસ કલાક ઊગેલો જ હોત, તો રાત્રિ દિવસ હોત જ નહીં. આ તો સૂર્યાસ્તના કારણે રાત્રિ થાય છે તેથી રાત્રિની અપેક્ષાએ દિવસ છે. દુઃખ કે દુઃખી તેનાથી વધુ સુખ કે સુખીની અપેક્ષાએ છે. આમ, આખું જગત તુલનાત્મક છે. તો આમ આપણા ઋષિમુનિઓએ લોકકલ્યાણની ઉમદા ભાવનાથી પ્રેરાઈને જ્ઞાનમુદ્રાને જગત સમક્ષ રજૂ કરી છે. આ જ્ઞાનમુદ્રામાં આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ સમાઈ જ જાય છે. આઈનસ્ટાઈને તો પછી સાપેક્ષવાદને રજૂ કર્યો, પરંતુ તેનાથી હજારો વર્ષ પહેલાં આપણા ઋષિમુનિઓએ સાપેક્ષવાદને જ્ઞાનમુદ્રાના માધ્યમથી રજૂ કર્યો હતો. પરંતુ હાલના આપણા સમાજની મનોદશા એવી છે કે વિદેશમાંથી કે વિદેશી તરફથી જો કોઈ રજૂઆત થાય, તેનું મહત્ત્વ વિશેષ આંકવામાં આવે છે. અને એ જ વાત હજારો વર્ષ પહેલાં આપણાં આપ્તજનોએ સમજાવેલ-દર્શાવેલ હોવા છતાં તેની આપણને કોઈ કિંમત-મહત્ત્વ હોતું નથી. તેથી જ કહ્યું છે કે -

**'ગાંવ કા જોગી જોગડા, આન ગાંવ કા સિદ્ધ.'**

પરમાત્માની કૃપાથી આજે ખૂબ જ ગહન સાચી સમજણની કલ્યાણકારી વાતો તમારી સમક્ષ કરવાની પ્રેરણા થઈ, જે અમે તમારી સમક્ષ રજૂ કરી. તો પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે જીવનમાં ખૂબખૂબ નિષ્કામ સત્કર્મોનું આચરણ કરીએ, જેથી ફરીફરી ગર્ભવાસમાં આવી દારુણ દુઃખ ભોગવવાં પડે નહીં.

**"પુનરપિ જનનમ્, પૂનરપિ મરણમ્;**
**પુનરપિ જનની, જઠરે શયનમ્."**

જન્મ-મરણ રૂપી ચોર્યાસી લાખના ચકરાવામાંથી મુક્ત થઈ આત્યંતિક સુખરૂપી મોક્ષને આ જન્મે જ પ્રાપ્ત કરી મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ, તેવી શક્તિ-ભક્તિ-મતિ સૌને ઓમ્પરમાત્મા આપો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.
ઓમ્ નમઃ પાર્વતિપતયે હરહર મહાદેવ હર.
ફરી ફરી સૌને જય નારાયણ-વંદન-અભિનંદ-આશિષ
ઓમ્... ઓમ્... ઓમ્...

# ઉમરેઠ મુકામે યોજાયેલ કાર્યક્રમમાં પ.પૂ. સદ્‌ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન

તા. ૧૦-૧૨-૨૦૧૭, રવિવાર — સંકલન - શશિકાંત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજે વિ.સં. ૨૦૭૩ ને આસો વદ દશમના મંગળ દિવસે નેવુમા વર્ષમાં શુભ પ્રવેશ કર્યો, તે નિમિત્તે પરમ્‌કૃપાળુ ઓમ્‌પરમાત્માની અસીમકૃપા તથા સદ્‌ગુરુદેવના આશીર્વાદથી ઓમ્‌પરિવારના ઉપક્રમે સર્વ જીવ હિતાર્થેના વિવિધ આધ્યાત્મિક-સાત્ત્વિક કાર્યક્રમોનું આયોજન પૂજ્યશ્રીના સમગ્ર નેવુમા વર્ષ દરમિયાન કરવાનું પૂજ્યશ્રીનાં ભક્તો-પ્રેમીજનોએ નિર્ધારિલ છે. તેના અનુસંધાનમાં આજનો ચોથો કાર્યક્રમ ઉમરેઠ મુકામે અમેરિકામાં રહેતા શ્રી ગોપાલભાઈ વાસણવાળાના પરિવાર તરફથી યોજાયેલ છે. તે નિમિત્તે ઉપસ્થિત સૌ કોઈ ઉપર અનંતકૃપા વરસાવતાં મનુષ્ય જન્મને સાર્થક કરવામાં અતિસહાયક સાચી સમજણની જે (કૃપાજ્ઞાનગંગા) વરસાવી, તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છેઃ

## : આશીર્વચન :

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતિ પતયે હર હર મહાદેવ હર.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ.

પરમ્ ગુરુદેવ ઓમ્‌પરમાત્માની અહૈતુકી કૃપાથી તમારા ગુરુદેવ એટલે કે અમારા નેવુમા શુભ પ્રવેશ નિમિત્તે સર્વજીવ હિતાર્થેના જે વિવિધ આધ્યાત્મિક - કલ્યાણકારી કાર્યક્રમ સમગ્ર નેવુમા વર્ષ દરમિયાન યોજવાનું તમે સૌએ સમજણ અને પ્રેમપૂર્વક નિર્ધારિલ છે, તેના અનુસંધાનમાં આજે ઉમરેઠ મુકામે ચોથો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આશ્ચર્યની સાથે-સાથે અતિ આનંદની વાત તો એ છે કે આજના કાર્યક્રમની ઉજવણી અમેરિકા નિવાસી ગોપાલભાઈ વાસણવાળા પરિવાર તરફથી થઈ રહી છે. તે માટે થઈને જ મહામના શીલાબહેન તથા તેમનો યુવાન પુત્ર ચિ. પંકીત ભારત આવ્યા છે. માતા-પિતા તો આવા ઉમદા કાર્યક્રમમાં રસ લઈ તે માટે આવે તે સમજી શકાય તેમ છે, પરંતુ અમેરિકા કે જ્યાંની સંસ્કૃતિ - સમાજ માત્ર ને માત્ર ભૌતિકતા પ્રધાન છે, ત્યાં મોટા ભાગે સૌની જીવનશૈલી મોજશોખમાં તરબોળ ભોગપ્રધાન રહેલી છે, આવા વાતાવરણમાં રહેતો યુવાન દીકરો પંકીત આવા સંયમ-નિયમરૂપી ત્યાગપ્રધાન કાર્યક્રમ માટે ખાસ આવે તે અતિ આશ્ચર્ય સાથે હર્ષ ઉપજાવનાર છે. પંકીતને ત્યાં કેટલી બધી જવાબદારી હોય છે. ત્યાં નોકરી તો કરવાની સાથે-સાથે ધંધો પણ સંભાળવાનો. તેમ છતાં પણ થોડા સમય પૂરતું તે બધું પડતું મૂકીને આવ્યો છે. આ ત્યારે જ શક્ય બને કે જ્યારે માતા-પિતા તરફથી સુસંસ્કારનું સિંચન થયું હોય અને જીવનમાં મુખ્ય શું કરવાનું છે, તેની સાચી સમજણ હોય, અમે ૧૯૯૩-૯૪માં અમેરિકા ગયેલા, ત્યારે ભરતભાઈ દેસાઈના ઘરે ઊતરેલા. ભરતભાઈ તથા તેમનાં પત્ની અરવિંદાબહેનને અમારા પ્રત્યે ખૂબ જ પ્રેમ-આદર-નિષ્ઠા. તે સંસ્કાર તેમનાં બાળકોમાં પણ બરાબર ઊતરેલા. તેથી અમારા ત્યાંના રોકાણ દરમિયાન જ્યારે ભરતભાઈ અને અરવિંદાબહેનને એક જ સમયે નોકરીએ જવાનું થાય, ત્યારે અમારી પાસે બંને બાળક ધવલ અને પૂર્વા હોય. તો તેઓ અમારી સેવામાં રહેતાં.

આ બધું કહેવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે તેમાંથી સૌને પ્રેરણા મળે, જેથી આપણે પણ આપણાં બાળકોમાં

આપણી સંસ્કૃતિને અનુરૂપ સંસ્કારનું સિંચન કરીએ જેથી તેમનામાં પણ ગુરુ-સંતો પ્રત્યે માન-આદર-પ્રેમ-નિષ્ઠાના ગુણો ખીલી ઊઠે. પરિણામે તેમનામાં પણ સાચી સમજણ દૃઢ થાય, તેથી તેમનામાં પણ સર્વજીવહિતાર્થેનાં સત્કર્મો કરવાની ઊર્મિ જાગે. ફળસ્વરૂપ સમયના વહેણ સાથે મોટા થતા મનુષ્યજન્મ સાર્થક કરવા પ્રેરાય અને સાર્થક કરી શકે.

નેવુંમા વર્ષની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સર્વજીવ હિતાર્થેનો છે. આ ઉમદા સત્કાર્ય કરી તમે સૌ પણ તમારું કલ્યાણ સાધી મનુષ્યજન્મ અનાયાસે જ સાર્થક કરી રહ્યા છો. આ નિમિત્તેના કાર્યક્રમની જ્યાં-જ્યાં ઉજવણી કરવામાં આવે, ત્યાં-ત્યાં પર્યાવરણ પરિશુદ્ધિ તથા ગાયત્રી-મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આજના કાર્યક્રમમાં સમયનો અભાવ હોવાથી તેના બદલે અભિષેક-યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. પર્યાવરણ પરિશુદ્ધ-યજ્ઞની શરૂઆત ઉમરેઠથી જ કરવામાં આવેલ. વર્ષો પહેલાં ઉમરેઠમાં વ્યાપક પ્રમાણમાં રોગચાળો ફેલાયો હતો. તે સમયે પરમાત્માની પ્રેરણાથી ગલીએ ગલીએ આ યજ્ઞ કરવામાં આવ્યો હતો. તે સમયે ઉમરેઠ ઓમ્‌પરિવારના સર્વે ભક્તો-પ્રેમીઓએ સર્વજીવહિતાર્થેના આ કાર્યને ખૂબ જ પ્રેમથી ઉપાડી લીધું હતું. તે જ રીતે આ નેવુમા વર્ષ નિમિત્તે સર્વ જીવહિતાર્થે યોજાતા કાર્યક્રમોને તમે સૌએ પણ ખૂબ જ પ્રેમ-ઉમંગ-ઉત્સાહપૂર્વક એક સંપથી ઉપાડી લીધા છે, તે માટે સર્વેને ખૂબ-ખૂબ આશિષ. જેમ પાયાની ઈંટ ઉપર ઊભેલી આખી ઇમારત સૌને દેખાય છે. પણ આ ઇમારતનો જે મુખ્ય આધાર છે તે પાયાની ઈંટ દેખાતી નથી. તેવી જ રીતે ઓમ્‌પરિવારના ઉપક્રમે કોઈને કોઈ નિમિત્તે સર્વજીવહિતાર્થે જે કલ્યાણકારી કાર્યક્રમો સતત યોજાતા રહે છે, તે સૌ જોઈ-જાણી શકે છે. પરંતુ તે માટે રાત-દિવસ જે ભક્તો-પ્રેમીજનો અથાકપણે સતત કાર્યરત રહે છે, તેઓ તેને ક્યારે પણ દેખાવા દેતા નથી. ચૂપચાપ કાર્ય કરતા જ રહે છે. તેમના આવા પુરુષાર્થના કારણે તમે સૌ પ્રેમ-આનંદ-ઉત્સાહપૂર્વક આ બધો લહાવો લઈ રહ્યા છો. તમારા સૌનો ઉત્સાહ પણ કેવો અજોડ છે કે જેથી દૂરદૂરથી પણ કાર્યક્રમનો લાભ લેવા ઉપસ્થિત થઈ જાવ છો. આજના કાર્યક્રમનો લાભ લેવા વલસાડથી કિરણભાઈ ઉપસ્થિત થઈ ગયા છે. પચ્ચીસ ફેબ્રુઆરીના રોજ વલસાડ કિરણભાઈના ત્યાં આ નિમિત્તે કાર્યક્રમના આયોજનનું નક્કી થયું છે, તો ત્યાં જવા માટે અત્યારથી લગભગ સો નામ તો નોંધાઈ ગયાં છે. આ તમારો સમજણપૂર્વકનો ઉત્સાહ બતાવે છે. મુખ્ય વાત એ કે નેવુમા વર્ષ નિમિત્તે સર્વજીવહિતાર્થે જે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું તમે સૌએ નિર્ધારી તેને સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છો, તે માટે તમે સૌ ખૂબ જ ધન્યવાદને પાત્ર છો. આ ત્યારે જ શક્ય બને કે જ્યારે તેની યથાર્થતાની સાચી-ઊંચી સુઝ-સમજણ તમારા સૌમાં દૃઢ થઈ ગયેલી હોય. આ વિવિધ કાર્યક્રમોમાં ગુરુજીની મોબાઇલ ઍપ્લિકેશન તથા ડૉક્યુમેન્ટરી ફિલ્મ તૈયાર કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. તે કોઈ સામાન્ય નહીં પરંતુ ઘણું મોટું આયોજન છે. તે અંગેની બધી જ જવાબદારી અજયભાઈએ ઉપાડી લીધી છે. તમારા સૌ ઉપર પરમાત્મા એવી તો કૃપા કરે કે જેથી તમે સૌ આવા નિમિત્ત ઉભા કરી નિષ્કામ ભાવે જીવ-જગતના કલ્યાણ અર્થે ખૂબ ખૂબ સાત્વિક કાર્ય કરતા રહો તે માટે ખૂબ-ખૂબ શુભેચ્છા-આશિષ. જેથી મનુષ્યજન્મ સાર્થક કરી શકો. આ કાર્ય તમે સૌ ખૂબ જ સંપથી ખભેખભો મિલાવીને કરી રહ્યા છો અને સતત કરતા રહો, એવી પરમાત્માને પ્રાર્થના જે કાંઈ સત્કાર્ય કરીએ તે એકજુટ થઈ પૂરા સંપથી કરીએ તો તે કાર્ય સારી રીતે સંપન્ન થાય છે. આવા કાર્ય કરવા પાછળ આપણી જે ઉમદા ભાવના રહેલી હોય છે, તે ભાવનાની પણ મહત્તમ પૂર્તિ થાય છે. સંપથી કાર્ય કરવું એટલે જે કોઈએ સત્કાર્યનું આયોજન કર્યું હોય, તેમાં ઉપસ્થિત થનાર સૌ કોઈએ એવું નહીં માનવાનું કે આ કાર્ય તો એનું છે અને હું તો માત્ર તેને સહકાર આપવા આવ્યો છું, પરંતુ એમ માનવાનું-સમજવાનું કે એ કાર્ય મારું પોતાનું જ છે અને બીજા સૌ મને સહકાર આપવા આવ્યા છે. જો આવા સત્કાર્યમાં ઉપસ્થિત રહેનાર સૌ કોઈ આવી ઉમદા ભાવનાથી ઉપસ્થિત રહે, તો આમ સંપથી થયેલું કાર્ય અને તેમાં રહેલી સદ્‌ભાવના અચૂક પરિપૂર્ણ થાય. તમો સૌ આવી ઊંચી સમજણપૂર્વક આ બધું કરી રહ્યા છો, તે બદલ

ખૂબ-ખૂબ ધન્યવાદ. ઓમ્‌પરિવારનો મુખ્ય ઉદ્દેશ્ય - સિદ્ધાંત - સોનેરી સૂત્ર એ છે કે સૌ કોઈ સાચી સમજણપૂર્વક વધુ ને વધુ વિવેકબુદ્ધિપૂર્વક સાત્ત્વિક જીવન જીવવાનો સંનિષ્ઠ પુરુષાર્થ કરી મનુષ્યજન્મ સાર્થક કરે. આપણે જીવનપર્યંત જે દોડધામ-મહેનત કરીયે છીએ તે શા માટે કરીએ છીએ? જીવનમાં વધુ ને વધુ સુખ-શાંતિને પ્રાપ્ત કરવા માટે. જો આપણે વિવેકબુદ્ધિથી સાચી સમજણપૂર્વક જીવીશું, તો તે અવશ્ય પ્રાપ્ત થશે. પરંતુ આપણામાં સાચાં સમજણરૂપી વિવેકજ્ઞાન નહીં હોય તો આપણી પાસે ગમે તેટલું ઐશ્વર્ય હશે, જેમકે લાડી, ગાડી, વાડી, મહેલ, મહોલાત, સોનું, રૂપું, હીરા, ઝવેરાત વિગેરે વિગેરે તે બધું જ નિરર્થક નીવડશે. આપણે ક્યારે પણ સુખ-શાંતિ પામી શકીશું નહીં. તો આ સાચી સમજણ એટલે નિત્ય-અનિત્ય, સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ, હિત-અહિત, ઇષ્ટ-અનિષ્ટ વિગેરેનું વિવેકજ્ઞાન. આ વિવેકજ્ઞાનરૂપી સાચી સમજણપૂર્વક જો જીવન જીવીશું, તો મનુષ્યજન્મ સાર્થક કરી શકીશું. એટલે તે જન્મ-મરણરૂપી ચોર્યાસીના ચક્કરમાંથી મુક્ત થઈ શકીશું. પરંતુ વિવેકમર્યાદા રહિત જો સ્વચ્છંદી જીવન જીવીશું. તો મનુષ્યજન્મ એળે જશે. ચોર્યાસીના ચકરાવામાં ફર્યા કરીશું. ચોર્યાસીનો ચકરાવો એટલે જીવાત્મા ચોર્યાસીલાખ અવતારમાં ફરતો રહે છે એમ શાસ્ત્રમાં જણાવ્યું છે. તો તેમાં ફરતો ફરતો જીવાત્મા ચોર્યાસી લાખમાં અવતારમાં મનુષ્યજન્મ પ્રાપ્ત કરે છે. જો તેમાં ચેત્યા નહીં, તો પાછા ચોર્યાસીના ચકરાવામાં ફરતા રહી દારુણ યાતના-દુઃખો ભોગવવાં પડશે. એક મનુષ્ય- અવતાર જ એવો અવતાર છે કે જેમાં જો મનુષ્ય ઇચ્છે તો મોક્ષરૂપી આત્યંતિક સુખને આ જન્મે જ પામવાનો અર્થાત્ જન્મ-મરણરૂપી ચોર્યાસીના ચક્કરમાંથી મુક્ત થવા અંગેનો વિચાર કરી શકે છે. જો મનુષ્યજન્મમાં આ કરી શક્યા નહીં તો સમજણનું દેવાળુ કાઢ્યું ગણાય.

મનુષ્યજીવનનાં બે મુખ્ય પાસાં છે, વહેવાર અને પરમાર્થ. માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, બાળકો-આશ્રિતો વગેરે પ્રત્યેની આપણે અનિવાર્ય ફરજો બજાવવી તે વહેવાર છે અને મોક્ષને પ્રાપ્ત કરવા માટેનો નિષ્કામ સત્‌કર્મરૂપી પુરુષાર્થ કરવો તે પરમાર્થ કહેવાય. વ્યાવહારિક જીવનમાં ખાડાની ધાર ઉપર જીવવાનું છે. તેમાં જરા પણ પાછીપાની કરવાની નથી. પરંતુ તેને જ જીવનનો મુખ્ય ઉદ્દેશ સમજવાનો નથી. મુખ્ય ઉદ્દેશ્ય તો આ જન્મે જ મોક્ષને પામવા માટે, સમજણપૂર્વક યથાર્થ પરમાર્થિક જીવન જીવવાને જ માનવાનો છે, તેથી જીવનમાં વ્યવહારિક ફરજો બરાબર નિભાવવાની, પરંતુ તેમાં સ્હેજ પણ લગાવ રાખવાનો નહીં. જળકમળવત રહેવાનું. કમળ પાણીમાં રહેતું હોવા છતાં તે પોતાને પાણીનો સહેજ પણ સ્પર્શ થવા દેતું નથી.

આ વાત ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવતાં કહે છે કે –

**''સંસારમાં સરસો રહે, એનું મનડું મારી પાસ;**
**શ્રીકૃષ્ણ અર્જુનને કહે, એને સમજું મારો દાસ.''**

મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો સંસારવહેવારની આપણી અનિવાર્ય ફરજો નિભાવવામાં સહેજ પણ પીછેહઠ કરવાની નહીં, તેનાથી દૂર ભાગવાનું નહીં, તેમાંથી રસ ઓછો કરવાનો નહીં. જો એમ કરીએ તો તો આપણે પલાયનવાદી - કાયર કહેવાઈએ. તે બધી જ ફરજો પ્રેમપૂર્વક નિભાવવાની, મોહપૂર્વક નિભાવવાની નહીં, પ્રેમ અને મોહ વચ્ચે ખૂબ જ પાતળી ભેદ રેખા છે, જેનાથી મોટા ભાગે સૌ અજાણ હોય છે. તેથી જીવનમાં પ્રેમભાવમાંથી મોહભાવમાં ક્યારે સરકી જઈએ છીએ, તેની ખબર પડતી નથી. પ્રેમભાવ મનુષ્યજન્મ સાર્થક કરવામાં સહાયક છે, જ્યારે મોહભાવ તેમાં બાધક છે. પ્રેમમાં ત્યાગની ભાવના રહેલી હોય છે, જ્યારે મોહમાં મારાપણાનો માલિકીભાવ રહેલો હોય છે. તેથી બરાબર સજાગ રહેવાનું કે જે કાંઈ ફરજો અદા કરીએ તે પ્રેમપૂર્વક જરૂર અદા કરવાની પરંતુ તેમ કરતા ક્યારે પણ મોહ ઉત્પન્ન ન થાય તેનું ધ્યાન રાખવાનું. આપણી ફરજો અદા કરતા મનમાં એ સમજણનું સતત સ્મરણ રાખવાનું કે જે કાંઈ કરી રહ્યા છીએ. તે પૂર્વજન્મના ઋણાનુબંધ પૂરા કરવા કરી રહ્યા છીએ. એ પૂરા થયા પછી બધું જ અહીં રહેશે, કોઈ જ-કાંઈ જ સાથે

આવશે નહીં, આપણું શરીર પણ સાથે આવશે નહીં, અને આપણે જો ચેત્યા નહીં હોઈએ તો જન્મ-મરણરૂપી ચોર્યાસીના ચક્કરમાં પાછા ચડી જવાના. આપણા જીવનમાં આવું ન થાય તે માટે સંસાર વહેવારની ફરજો બરાબર પ્રેમપૂર્વક નિભાવવાની. સાથે-સાથે મનુષ્યજન્મ સાર્થક કરવાના મુખ્ય ઉદ્દેશ્યને પાર પાડવા માટે, નિષ્કામ સત્કર્મોનું સતત આચરણ કરવા માટે, જરૂરી પુરુષાર્થમાં સહેજ પણ ઢીલાશ રાખવાની નહીં. આમ વહેવાર અને પરમાર્થ બંનેમાં બરાબર રહેવાનું. પરંતુ એ વાતનું સતત સ્મરણ રાખવાનું કે જીવનમાં વહેવાર ગૌણ રૂપે છે અને પરમાર્થ પ્રધાન રૂપે છે. જો આવું સમજણપૂર્વકનું જીવન જિવાય તો તે જીવાત્માનું અવશ્ય કલ્યાણ થાય છે. અર્થાત્ મોક્ષને પામે છે.

શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને આ સંદેશો-બોધ આપ્યો કે જીવનમાં ક્યારે પણ કશાયમાં મોહભાવ રાખવાનો નહીં. અર્જુન શ્રીકૃષ્ણની મિત્રભાવે ભક્તિ કરતો હતો, તેથી તેને મોહબુદ્ધિમાંથી છોડાવવા મિત્રભાવે ઉપદેશ આપ્યો હતો. યુગેયુગે આવા યુગપુરુષ અવતાર ધારણ કરતા જ હોય છે. ફરક એટલો કે યુગેયુગે નામ-રૂપ બદલાઈ જતાં હોય છે. ઘણી વાર એવું પણ બને કે આપણા ઘરમાં, આપણી સમીપ હોવા છતાં પણ આપણે તેમને ઓળખી શકતા નથી. કેમકે આપણી સમજ ઉપર માયાના થર જામી ગયા હોય છે.

આ બધું અમે તમને સૌને હૈયાની ઊલટથી સતત સંભળાવીએ છીએ અને તમો સૌ તે પ્રેમપૂર્વક સતત સાંભળો છો. તેની પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આવા કાર્યક્રમમાં તો થોડા સમય પૂરતા ઉપસ્થિત રહેતા હોઈએ છીએ. બાકી વધુ સમય તો વહેવાર-પ્રપંચમાં જ રોકાયેલા હોઈએ છીએ. તેથી મનુષ્યજન્મ સાર્થક કરવાના જીવનના મુખ્ય ઉદ્દેશ્યનું વિસ્મરણ ન થાય અને સતત તાજું રહે.

પરમ્કૃપાળુ ઓમ્પરમાત્માને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીયે કે જીવમાત્રનું કલ્યાણ થાય તેવી કૃપા સતત વરસાવો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતીપતયે હરહર મહાદેવ હર.

ફરીફરી સર્વેને જય નારાયણ-શુભાશિષ.

ઓમ્... ઓમ્... ઓમ્...

## કોનું ગજું કે 'એકોહમ્ બહુસ્યામ્'ના ધક્કાને ખાળી શકે?

- યોગભિક્ષુ

અગમ્ય-અગોચરમાં અગમ્ય-અગોચરના 'એકોહમ્બહુસ્યામ્' એક છું, બહુ થાઉં એકવિધ છું. બહુવિધ થાઉં'નો લહેરિયો - લાલચુ ધક્કો વાગતાં તેનું અદમ્ય મોજું વિશ્વ તમામના, વ્યષ્ટિમાત્રના ઉરુતંત્રને અળભળાવી મૂકે છે. પરિણામે પ્રાણીમાત્ર અધોગામી થવા લાગે છે. ફળસ્વરૂપ કાળક્રમે નવાં શરીરોની ઉત્પત્તિ થાય છે.

કોનું ગજું, કોની તાકાત કે સમષ્ટિમાં લાગતા આવા એકોહમ્ બહુસ્યામ્ના પ્રચંડ ધક્કાને રોકી શકે. ખાળી શકે ! સમયેસમયે મુકરર નિયમે, નિશ્ચિત અવધિએ અગમ્ય-અગોચરમાં એકોહ્મ બહુસ્યામ્નો સંકલ્પ ઊઠે અને જીવમાત્ર તેને વશ વર્તવાને મજબૂર. પછી ભલે હનુમાન હોય કે ભીષ્મ, શંકરાચાર્ય હોય કે શુક્રાચાર્ય, સહજાનંદ હોય કે દયાનંદ, ગૌરાંગ હોય કે શ્યામાંગ ! સૌ 'બહુ થાઉં'ની ભીંસમાં ભીંસાય અને બહુ થાય, બહુવિધ થાય.

જળમાં ઊઠેલું લહેરખું સામેકાંઠે જઈને જ વિલાય-વિરમાય, પરંતુ સામાન્ય અને અસામાન્યમાં ફર્ક એટલો કે સામાન્યને તે ધક્કો અધોગામી અસર કરે અને અસામાન્યને ઊર્ધ્વગામી નાભિ ઉપર ઝીંકાયેલો એ ધક્કો નાભિથી અધોગામી થઈને કાંઠા સુધી પહોંચીને, સંતાન ઉત્પન્ન કરીને જ જંપે અને અસામાન્યમાં તે ઊર્ધ્વગામી થઈને, કાંઠા સુધી પહોંચીને, મસ્તકમાં ઠરીને, સ્વ-પર-કલ્યાણનું કાંઈ સર્જન કરીને, તે બધું જગતના ચરણે ધરીને પછી વિલાય.

બિંદુ કોઈ પણ પ્રકારે ક્ષરે જ. ચંચળ મટે નહીં જ. બિંદુનું ક્ષરણ એટલે નવનવું સર્જન ! આંખ જુવે, કાન

સાંભળે, નાક સૂંઘે, જીભ સ્વાદ અનુભવે, ચામડી સ્પર્શ અનુભવે : એ બધામાં પણ બિંદુનું ક્ષરણ : બિંદુનું બહુ થવાનું, બહુવિધ થવાનું સતત ચાલુ, ભોગીનું બિંદુ નીચે ક્ષરીને પ્રજાનું સર્જન કરે અને યોગીનું બિંદુ ઊંચે ક્ષરીને (ચડીને) બહુવિધ અગમ્યગમ્યતાનું સર્જન કરે. દયાનંદ, સજાનંદ વગેરે ઊર્ધ્વગમ વાળી અસામાન્ય કોટિ, સામાન્યનો ભોગ લૌકિક, સ્વસુખ માટે તથા અલ્પજીવી અને અસામાન્યનો ભોગ (યોગ) અલૌકિક, સ્વ-પર-સુખ માટે તથા દીર્ઘજીવી.

નાભિથી નીચે ફેંકાય તે સામાન્ય મનુષ્ય અને નાભિથી ઊર્ધ્વગમન કરે તે અસામાન્ય.

નાભિથી નીચે સરીને 'બહુ થવું' તેનું નામ જ અનંત જન્મોની રહેંટગતિ અને નાભિથી ઉપર ચડીને. ઊર્ધ્વ જઈને કલ્યાણકાર્યમાં વિલાઈ જવું તેનું નામ જ મોક્ષગતિ. અસ્તુ.

# ભિખારી જ રહ્યા !

**- યોગભિક્ષુ**

લોકો ગુરુસંતો પાસે પણ ભૌતિક-લૌકિક ઇચ્છાની પૂર્તિ માટે જ જતા હોય છે ! આ ઘણું મોટું અજ્ઞાન છે. ઘણો મોટો નુકસાનીનો સોદો છે. કાંચનને બદલે કાચ લીધા બરાબર છે. પોતાના પ્રયત્ન દ્વારા પ્રાપ્ત ન થઈ શકે એવું જે અધ્યાત્મજ્ઞાન, એવું જે તત્ત્વજ્ઞાન, એવું જે આત્મા-પરમાત્માનું જ્ઞાન, એવું જે મોક્ષપ્રાપ્તિનું રહસ્યજ્ઞાન વગેરેની પ્રાપ્તિ માટે ગુરુસંતોની સહાયતા લેવી યોગ્ય ગણાય. આધ્યાત્મિક જનો પાસેથી શું ઇચ્છવું જોઈએ, તે માટે પણ સાચા સલાહકારની સલાહની જરૂર પડે છે. નહિ તો સ્થિતિ પેલા ભિખારી જેવી થાય.

એક ભિખારી હતો. રાજા તેના પર કાંઈ કારણસર પ્રસન્ન થયા. રાજા કહે 'માંગ-માંગ, જે માંગે તે આપું.' ભિખારી કહે, 'આપને જે આપવું હોય તે આપો.' રાજા વિચાર કરે છે કે 'હું રાજા. હું જેના પર પ્રસન્ન થાઉં તેને જો ભિખારી રહેવા દઉં, તો મારું રાજાપણું લાજે. આજે તો આને પાંચ ગામ આપી દઉં', પણ પછી તેમને વિચાર આવ્યો કે 'રખેને ભિખારીને પાંચ ગામ કરતાં પણ કાંઈ વિશેષ જોઈતું હોય તો?' તેથી ભિખારીને ફરીને કહ્યું 'તું તારા મોઢેથી માગી લે. તું માગે તે મારે આપવું' રાજા તે દિવસે ખૂબ પ્રસન્ન હતા. ભિખારીને ફરીને કહ્યું, 'તુ તારા મોઢેથી માગી લે. તું માંગે તે મારે આપવું.' રાજા તે દિવસે ખૂબ પ્રસન્ન હતા. ભિખારી જે માગે તે આપી દેવા તૈયાર હતા. ભિખારી વિચાર કરે છે કે 'શું માંગું' તેણે પોતાના મિત્રની સલાહ લીધી. તેનો મિત્ર થોડો બુદ્ધિશાળી હતો. દરેક મોટા અને મહત્ત્વના કાર્યમાં જાણકારોની સલાહ લેવાથી કામ સુધરે. ભિખારીના મિત્રે વિચાર કર્યો કે 'આ 'મારો ભિખારી મિત્ર. આખા દિવસના માંડ બે રૂપિયા મેળવે છે. તે રાજા પાસે માગી માગીને શું માંગશે?' એના કરતા રાજા પોતે જ નક્કી કરીને આપે, તો ભિખારી ન્યાલ થઈ જાય.' તેથી રાજા અને તેની વચ્ચે રકઝક ચાલી. રાજા કહે, તું 'માગ' અને ભિખારી-મિત્ર કહે, 'આપને યોગ્ય લાગે તે આપો.' આ બંનેની રકઝક સાંભળીને ભિખારીની ધીરજ ખૂટી. એને થયું કે આવી રકઝકથી કદાચ બધુંય ખોઈશું. મારે તો એક હજાર રૂપિયા જોઈએ છે અને જો રાજા પાંચ-પચ્ચીસ રૂપિયા જ આપશે, તો પછી કાંઈ નહીં બોલાય. આમ વિચારીને તે વચ્ચે જ બોલી ઊઠ્યો કે 'આપ મારા પર ખરેખર પ્રસન્ન થયા હો, તો મને એક હજાર રૂપિયા આપો.' રાજાએ તુરત જ હજાર રૂપિયા આપી દીધા. એ હજાર રૂપિયામાંથી ભિખારીએ એક મહિના સુધી જલસા કર્યા અને પછી હતો એવો ને એવો કડકાબાલૂસ થઈ ગયો.'

દિવસમાં માત્ર બે રૂપિયા જ મેળવતો હતો, એટલે ભિખારીને હજાર રૂપિયા ઘણા લાગ્યા. તેથી તેના પર રાજા પ્રસન્ન થયા છતાં પણ તે ભિખારી જ રહ્યો. તેમ આપણે પણ ગુરુ-સંતો પાસેથી અલૌકિક પ્રાપ્તિઓ પ્રાપ્ત કરીને અલૌકિક નથી બની જતા. રાજા નથી બની જતા પણ ભિખારી જ રહીએ છીએ ! અસ્તુ.

# આકાશતત્ત્વનો લાભ કઈ રીતે લઈશું ?

- યોગભિક્ષુ

નિસર્ગોપચાર પદ્ધતિ એમ માને છે કે પંચમહાભૂત તત્ત્વની યોગ્ય પ્રાપ્તિના અભાવે બીમારી આવે છે. પાંચેય તત્ત્વો યોગ્ય માત્રામાં પ્રાપ્ત કરવાથી બીમારી ચાલી જાય છે. પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ. એ પંચમહાભૂતોનાં નામ છે. જુદી-જુદી રીતે આપણને પાંચેય તત્ત્વો મળતાં રહે છે. અહીં આકાશતત્ત્વ વિષે થોડી જાણકારી પ્રાપ્ત કરીએ.

આકાશનો બીજો અર્થ અવકાશ પણ થાય છે. અવકાશ એટલે ખાલી જગ્યા. આપણે આઘાપાછા થઈએ છીએ, દોડીએ છીએ, વગેરે બધું અવકાશમાં કરીએ છીએ. આપણે અત્યારે જે આકાશતત્ત્વની વાત કરી રહ્યા છીએ તે આ અવકાશ માત્ર નહીં. આવું અવકાશ તો ઘરમાં બેઠાં બેઠાં પણ મળી શકે છે. તેનાથી આકાશતત્ત્વની ઊણપ પુરાતી નથી. તે ઊણપ પૂરવા માટે તો તે આકાશના સંપર્કમાં આવવું જોઈએ કે જે આકાશમાં આપણે સૂર્ય, ચંદ્ર અને અનંત તારાઓ જોઈ શકીએ છીએ. ઘરમાં બેઠાં-બેઠાં બારીમાંથી આપણને આકાશ દેખાય, તો તેને આકાશ સાથે સંપર્ક થયો કહેવાય નહીં. ખરેખર તો આકાશ-તત્ત્વની પ્રાપ્તિ થઈ, અર્થાત્ આકાશનો સંપર્ક થયો, તો ત્યારે જ કહેવાય કે જ્યારે સૂર્ય-ચંદ્રવાળું આકાશ અર્થાત્ નભોમંડળ સીધી રેખામાં આપણા મસ્તકના સંપર્કમાં આવે. મસ્તક અને આકાશ વચ્ચે કોઈ પણ પ્રકારનું આવરણ ન હોવું જોઈએ. આરોગ્ય માટે સૂર્યસ્નાનને આવશ્યક મનાય છે. તે જ પ્રમાણે ચંદ્રસ્નાન અને તારાસ્નાન પણ આરોગ્યપ્રાપ્તિ અને જાળવણી માટે મૂલ્યવાન છે. ભલે ચંદ્ર અને તારા દિવસે આકાશમાં દેખાતા નથી, પણ તેની હાજરી તો દિવસે પણ હોય જ છે. અનંત સિતારાઓ દ્વારા મહામૂલ્યવાન અમૃતની વર્ષા, પૃથ્વી ઉપર અખંડપણે ચાલુ જ હોય છે. તે અમૃતનો પૂરો લાભ લેવા માટે આપણે ઘરની બહાર નીકળવું જોઈએ. ચાહે મંદિરે દર્શન કરવા જઈએ કે બગીચામાં લટાર મારવા જઈએ, પણ ગમે તે બહાને ઘરની બહાર નીકળવું જોઈએ. તો જ આકાશના તારાઓના સીધા સંપર્કમાં આપણું મસ્તક આવે અને તેની અમૃતવર્ષાના લાભ આપણને મળે. એ વખતે આપણા માથા પર ટોપી વગેરેનું આવરણ પણ ન હોવું જોઈએ.

પૃથ્વી, પાણી, પ્રકાશ અને વાયુતત્ત્વનો લાભ કેવી રીતે લેવો તે તો લગભગ આપણે જાણીએ જ છીએ પણ આકાશતત્ત્વનો લાભ કેવી રીતે લેવો, તેની સૂક્ષ્મ જાણકારી સૌને નથી, તેથી તે પ્રગટ કરવાનો થોડો નમ્ર પ્રયાસ અહીં કરાયો છે.

અનુભવીઓનું કથન છે કે મૂલાધારથી બ્રહ્મરંધ્ર સુધી લંબાયેલી સુષુમ્ણાનું સુષુમ્ણ કિરણ અતિ સૂક્ષ્મ રૂપે બ્રહ્મરંધ્રથી સૂર્ય સુધી લંબાએલું છે. આ રીતે પણ સૂર્ય સાથેનો સતત સંપર્ક જળવાઈ રહેતો હોય છે. લોકભાષામાં ચંદ્રને ‘ચંદ્રમા’ અને સૂર્યને ‘સૂર્યનારાયણ’ કહે છે. શરીરને ધારણ કરી રાખવામાં અતિ ઉપયોગી એવાં બને તત્ત્વો ચંદ્ર-સૂર્યરૂપી માતાપિતા દ્વારા મળતાં રહે છે.

શરીરબંધારણમાં અનેક તત્ત્વોની જરૂરત છે. તેમાં પંચમહાભૂત અતિ આવશ્યક અને અતિ મૂલ્યવાન છે. ચાર પંચભૂતની સાથે-સાથે આકાશભૂતને પણ ઉપરોક્ત રીતે જરૂર મેળવવાનો પ્રયત્ન કરીએ. તે માટે ઘરની બહાર ખુલ્લા મસ્તકે નીકળીને મસ્તકને-તાળવાને-બ્રહ્મરંધ્રને સીધું નભોમંડળના સંપર્કમાં આવવા દઈએ. જેથી નભોમંડળમાંના પુષ્કળ અમૃતભંડારોનો લાભ લઈ શકીએ.

ઝાડ, પહાડ, પૃથ્વી, પશુ, પક્ષી વગેરે કોઈના મસ્તક પર આવરણ નથી. ને સર્વે સીધા જ નભોમંડળના સંપર્કમાં રહે છે. છજા નીચે રહેલું ઝાડ કે વનસ્પતિ, આકાશ નીચે સીધી રહેલી વનસ્પતિ જેટલી ખીલી નથી શકતી. ઝાડનાં પાંદડાંની ઉપરની બાજુએ જ્યાં સીધો આકાશનો સંપર્ક થાય છે તે ભાગ લીલોછમ હોય છે અને નીચેનો ભાગ ફિક્કો હોય છે.

ધોમધખતા તાપમાં કે મુસળધાર-વરસતા વરસાદમાં કે કડકડતી ભયંકર ઠંડીમાં ખુલ્લા મસ્તકે ઘર બહાર ફરવાની વાત અહીં સમજવાની નથી, પણ કુદરતી સામાન્ય અનુકૂળ વાતાવરણમાં આકાશસ્નાનનો લાભ લેવાની વાત છે.

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) ‘યોગ’નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત ‘બહુજનહિતાય–બહુજનસુખાય’ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

● પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

● "ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

- ઋતમ્ભરા સંપાદન સમિતિ

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૧૫૦-૦૦ |
| *છૂટક નકલની કિંમત* ... | ₹ | ૧૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

From :- 3/B, Paliadnagar Society,
Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Minish Patel
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09

To,

Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar